# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.

***************************************************

1) ઈરાનના ત્રણ પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલા બાદ ટ્રમ્પે કહ્યું કે ઇરાને શાંતિનો માર્ગ અપનાવો જ પડશે

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું - ભારત પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ ક્યારેય પુનઃસ્થાપિત કરશે નહીં

3) ઓપરેશન સિંધુ હેઠળ ઈરાનમાંથી એક હજાર 117 ભારતીય નાગરિકોને સલામત રીતે સ્વદેશ પરત લવાયા

4) ત્રિપુરામાં ડાબેરી મોરચાની પૂર્વ સરકારમાં રાજકીય હિંસાનો ભોગ બનેલા લોકોના નજીકના સંબંધીઓને સરકારી નોકરી અપાશે

5) સલામતીની ચુસ્ત વ્યવસ્થા વચ્ચે આજે સવારથી ગુજરાતમાં ગ્રામ પંચાયતો માટેની ચૂટણીનું મતદાન શરૂ

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# US STRIKE IRAN NUKES

ઈરાન પરના હુમલામાં અમેરિકા રીતે ઇઝરાયલ સાથે જોડાયું છે અને ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો પર હુમલો કર્યો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો પર ખૂબ જ સફળતાપૂર્વક હુમલો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે અમેરિકાએ ફોર્ડો, નતાન્ઝ અને ઇસ્ફહાનમાં ઈરાની પરમાણુ સ્થળો પર હુમલો કર્યો છે અને બધા વિમાન હવે ઈરાની હવાઈ ક્ષેત્રની બહાર છે. શ્રી ટ્રમ્પે કહ્યું કે, ઈરાને હવે યુદ્ધનો અંત કરવા સંમત થવું પડશે. અને શાંતિનો માર્ગ અપનાવો જ પડશે. ઈરાને આ હુમલાની પુષ્ટી કરી છે.

દરમિયાન, ઇઝરાયલી દળોએ ગઈકાલે દક્ષિણપશ્ચિમ ઇરાનના બંદર અબ્બાસ શહેર પર નવા હુમલાઓ શરૂ કર્યા છે. ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે હુમલાઓમાં માનવરહિત હવાઈ વાહન ડેપો અને શસ્ત્ર સુવિધાઓને લક્ષ્ય બનાવવામાં આવી હતી. બંદર અબ્બાસ ઇરાનનું સૌથી મોટું વ્યાપારી શહેર છે અને ત્યાં મુખ્ય બંદર, નૌકાદળ મુખ્યાલય અને મહત્વપૂર્ણ તેલ માળખાકીય સુવિધાઓ આવેલી છે, જેના દ્વારા વિશ્વના 20 ટકા તેલનો વેપાર થાય છે.

# NEPAL-SRI LANKA-OP SINDHU

ઓપરેશન સિંધુ હેઠળ ઈરાનમાંથી એક હજાર 117 ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે, મશહદથી એક ખાસ ફ્લાઇટ દ્વારા 290 ભારતીય નાગરિકો ઈરાનથી સુરક્ષિત

રીતે ઘરે પરત ફર્યા છે. મશહદથી બીજી એક ફ્લાઇટ ગઈકાલે સાંજે ઈરાનથી 310 ભારતીય નાગરિકો સાથે નવી દિલ્હી પહોંચી હતી.

દરમિયાન નેપાળ અને શ્રીલંકાએ ઓપરેશન સિંધુ હેઠળ સંઘર્ષગ્રસ્ત ઈરાનમાંથી તેમના નાગરિકોને બહાર કાઢવામાં મદદ કરવા બદલ ભારતનો આભાર માન્યો છે. નેપાળના વિદેશ મંત્રી આરઝુ રાણા દેઉબાએ નેપાળી વિદ્યાર્થીઓને બહાર લાવવામાં મદદ કરવા બદલ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરનો આભાર માન્યો છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે ઈરાનમાંથી નેપાળી નાગરિકોને સહીસલામત બહાર કાઢવામાં ભારતની ત્વરિત સહાય બદલ આભાર વ્યક્ત કર્યો છે. દેઉબાએ કહ્યું છે કે નેપાળી નાગરિકોને બહાર કાઢવામાં ભારતનું સમર્થન નેપાળ-ભારતના મજબૂત સંબંધોનું પ્રતિબિંબ છે.

# SHAH - INTERVIEW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભારત પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ ક્યારેય પુનઃસ્થાપિત કરશે નહીં. તેમણે કહ્યું કે, સરકાર પાકિસ્તાનમાં વહેતા વધારાના પાણીને રાજસ્થાન સુધી લઈ જવા માટે એક નહેર બનાવશે.

એક અંગ્રેજી દૈનિક સાથેની મુલાકાતમાં, ગૃહમંત્રીએ કહ્યું કે, આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની સરકારની નીતિ અકબંધ છે. શ્રી શાહે કહ્યું કે, સરકાર કાશ્મીર, નક્સલવાદી વિસ્તારો અને ઉત્તરપૂર્વમાંઆતંકવાદના મૂળ કારણોને દૂર કરવાની દિશામાં કાર્ય કરી રહી છે

તેમણે કહ્યું કે, ભારત ફક્ત સૌથી સલામત અને શ્રેષ્ઠ નથી પણ વિશ્વમાં રોકાણ કરવા માટે એકમાત્ર સ્થળ છે. શ્રી શાહે કહ્યું કે, ભારત પારદર્શક નીતિઓ

અને વિશાળ ગ્રાહક બજાર ધરાવતો લોકશાહી દેશ છે. તેમણે કહ્યું કે, છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચી શકે તે માટે સરકારે 2014 થી સખત મહેનત કરી છે તેમણે કહ્યું કે, ભારત વૈશ્વિક આર્થિક પાવરહાઉસ બનવા માટે તૈયાર છે. મંત્રીએ કહ્યું કે, ગરીબોના નાણાકીય સમાવેશ સહિતના ભારતના બેંકિંગ ક્ષેત્રના સુધારા અભ્યાસ માટે વિશ્વમાં એક મોડેલ છે.

# SHAH - CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બે દિવસના છત્તીસગઢ પ્રવાસે જશે. આ દરમિયાન તેઓ રાજધાની રાયપુર અને નારાયણપુર જિલ્લામાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. અમારા સંવાદદાતા તરફથી વિગતો......

**(BYTE: વિકલ્પ શુક્લા)**

# TRIPURA - JOB

ત્રિપુરામાં, રાજ્ય સરકારે ડાબેરી મોરચાની પૂર્વ સરકારમાં રાજકીય હિંસાનો ભોગ બનેલા લોકોના નજીકના સંબંધીઓને સરકારી નોકરી આપવાનો નિર્ણય લીધો છે.વધુ માહિતી સાંભળીએ અમારા સંવાદદાતા પાસેથી....

**(BYTE: કુણાલ શિંદે)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GUJART LOCAL BODY ELECTIONS

ગુજરાતમાં ગ્રામપંચાયતોની યોજાઇ છે. સવારે સાત વાગ્યાથી અંદાજે ત્રણ હજાર પાંચસો કરતા વધુ ગ્રામ પંચાયતો માટે મતદાન શરૂ થઇ ગયું છે. બલેટે પેપરથી થઇ રહેલા મતદાન માટે સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરાઇ છે. સાડા ત્રણ હજાર કરતાં વધુ ગ્રામ પંચાયતો માટે 81 લાખ જેટલા મતદારો સામાન્ય, વિભાજન અને મધ્યસત્ર ચૂંટણી માટે પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. ત્રણ હજાર 600 કરતાં વધુ સરપંચો અને 16 હજાર બસો કરતાં વધુ સભ્યપદ માટે શરૂ થયેલા આ મતદાનનું પરિણામ 25મી જૂને જાહેર થશે.

# MIZORAM- DRUG SEIZE

મિઝોરમમાં, આસામ રાઇફલ્સ અને અન્ય એજન્સીઓએ 11 કરોડથી વધુ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું છે અને બે મહિલાઓ સહિત પાંચ ડ્રગ પેડલર્સની ધરપકડ કરી છે. સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, વાસેઇકાઇથી લુંગલેઇ સુધી ડ્રગ્સની હિલચાલ અંગે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, આ નશાકારક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા. એક શંકાસ્પદ વાહનને અટકાવીને તેની તપાસ કરતાં તેમાંથી અંદાજિત 10 કરોડ 43 લાખની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરાયું હતું.

અન્ય બે અલગ અલગ કાર્યવાહીમાં, આસામ રાઇફલ્સના સૈનિકોએ મિઝોરમના ચંફાઇ જિલ્લામાંથી 81 લાખ રૂપિયાના વિદેશી મૂળના સિગારેટ પણ જપ્ત કર્યા અને 29 લાખ રૂપિયાના હેરોઇન સાથે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

# INDIA ENGLAND - TEST CRICKET

એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં, યજમાન ઈંગ્લેન્ડ લીડ્સના હેડિંગ્લી ખાતેના બીજા દિવસે ભારતના 471 રનના જવાબમાં ત્રણ વિકેટે 209 રન કર્યા હતા. બીજા દિવસની રમતના અંતે ઓલી પોપ 100 રને જ્યારે હેરી બ્રુક શૂન્ય રને અણનમ છે. ભારત વતી જસપ્રીત બુમરાહે ઈંગ્લેન્ડની ત્રણેય વિકેટ ઝડપી હતી.

આ પહેલા, ભારતે ત્રણ વિકેટે 359 રનના અગાઉના સ્કોર સાથે પોતાનો પહેલો દાવ ફરી શરૂ કર્યો. પરંતુ ત્યારબાદ ભારતની ઉપરાછાપરી વિકેટો પડી જતાં ભારત 471 રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું. ભારત તરફથી ઓપનર યશસ્વી જયસ્વાલ, કેપ્ટન શુભમન ગિલ અને તેમના ઉપકપ્તાન રિષભ પંતે સદી બનાવી હતી.

# TENNIS-ITF-J200

ભારતીય ટેનિસ ખેલાડી માયા રાજેશ્વરને જર્મનીમાં ITF જુનિયર 200 ગ્રેડ ગ્લેડબેક ટેનિસ સ્પર્ધાનો મહિલા સિંગલનો ખિતાબ જીતી લીધો છે. 16 વર્ષીય આ ખેલાડીએ ફાઇનલમાં સ્વિટ્ઝર્લૅન્ડની નોએલિયા મનતાને 6-2, 6-4થી હરાવી હતી. માયાએ અત્યાર સુધીમાં સાત ITF જુનિયર ખિતાબ જીત્યા છે.

. . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના મોટાભાગના અખબારોએ યોગ દિવસની ઉજવણીના સમાચારને તસવીરો સાથે પહેલા પાને આવરી લીધા છે .

2) સંદેશે સમગ્ર વિશ્વમાં તંગદિલી, યોગ ઉકેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ નિવેદનને સમાચાર મુખ્ય શીર્ષક બનાવ્યું છે.

3) ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે- યોગનો સીધો અર્થ જોડાણ, યોગથી વિશ્વ જોડાયું:મોદી

4) ગુજરાત સમાચારે સિયાચીનથી સાગર સુધી ભારત સહિત સમગ્ર વિશ્વ યોગમય બન્યું આ સમાચાર પ્રધાનમંત્રીના યોગે આખી દુનિયાને એક તાંતણે બાંધી આ નિવેદન સાથે મુખ્ય મથાળા હેઠળ લીધા છે.

5) રાજસ્થાન પત્રિકા લખે છે – વડનગરમે દો હજાર એકસો ઇકકીસ યોગ સાધકોને એક સાથ કિયા ભુજંગાસન , બનાયા વિશ્વ રેકોર્ડ

6) નવગુજરાત સમયે ઈરાનના પરમાણુ સંશોધન કેન્દ્ર પર ઈઝરાયેલનો હુમલો આ સમચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે

7) તમામ અખબરોએ આજે યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણીના સમાચારને આવરી લીધા છે

8) ગુજરાત સમાચાર લખે છે 751 પંચાયત બિનહરીફ , સમરસ પંચાયતોની સંખ્યા ઓછી આજે 4,564 પંચાયતોની ચૂંટણી, 81 લાખ મતદારો સરપંચ-સભ્યો ચૂંટશે

9) દિવ્ય ભાસ્કર સ્થાનિક પાને લખે છે –રથયાત્રામાં નાસભાગ ન થાય તે માટે AI ટેકનોલોજીવાળા 15 ડ્રોન કેમેરા ઉડાવાશે